# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણ

નોંધ : **M.R.S. પ્રવેશના નિયમોનો અમલ જૂન ૨૦૧૭ થી શરૂ થતાં શૈક્ષણિક વર્ષ માટેના પ્રવેશથી થશે.**

## (1) પ્રવેશ પાત્રતા :

યુ.જી.સી.એ માન્ય કરેલ હોઈ પણ વૈધાનિક યુનિ સંલગ્ન કોલેજમાં શીખવવામાં આવતા હોમ સાયન્સ અને ફામ મેનેજમેન્ટ કે અન્ય વિષયમાં બી.આર.એસની પદવી પરીક્ષા પાસ કરનાર

## (2) મેરીટગુણની ગણતરી :

૧. સેમેસ્ટર : પાંચ અને છ ના કુલ ગુણનો સરવાળો

૧. ત્રીજા વર્ષની પદવી પરીક્ષામાં બાહય (એક્ષ્ટર્નલ) ગુણના મેળવેલ ટકા

૨. સરખા મેરીટ ગુણ વખતે ત્રણ દશાંશ સ્થળ સુધીની ગણતરી ધ્યાનમાં લેવામાં આવશે.

ઉપર ૧ અને ૨ નો સરવાળો કરતાં બેથી વધુ પ્રવેશાર્થીઓના ગુણનો આંકડો એક સરખો થતો હશે. તો ત્રીજા વર્ષની પદવી પરીક્ષાના કુલ ગુણના ટકાના ક્રમ પ્રમાણે પ્રવેશ અપાશે.તેમાં સરખા ગુણ હશે તી બીજ વર્ષની પદવી પરીક્ષાના કુલ ગુણના ક્રમ પ્રમાણે પ્રવેશ અપાશે.**તેજ રીતે ૨ માં બેઠક ખાલી રહે તો ૧ માંથી ભરવામાં આવશે**.

## (3) બેઠકોની ફાળવણી :

૧. હેમ.ઉ.ગુ.યુનિ.નાં વિદ્યાર્થીઓને 95% બેઠકો ફાળવવામાં આવશે.

(૧) હેમ.ઉ.ગુ.યુનિ. વિસ્તારના કાયમી વતની પણ કે જેઓએ હેમ.ઉ.ગુ.યુનિ. વિસ્તારની સંલગ્ન કોલેજો સિવાય બહારની કોલેજમાંથી સ્નાતકની પદવી પરીક્ષા પાસ કરી હોય અને તે અરજદારે સક્ષમ અધિકારીશ્રી (મામલદાર) નું જે તે જીલ્લાના કાયમી વતની તરીકેનું અધિનિવાસનું પ્રમાણપત્ર પ્રવેશ અરજી સાથે સામેલ રાખેલ હોય.

(૨) હેમ.ઉ.ગુ.યુનિ. વિસ્તારના કાયમી વતની પુરૂષની પત્ની કે જેમણ સ્નાતકની પદવી પરીક્ષા હેમ.ઉ.ગુ.યુનિ. વિસ્તાર બહારની કોલેજમાંથી પાસ કરી હોય,તો તેવા સ્ત્રી અરજદારોએ પોતાના પતિનું જે તે જીલ્લાના કાયમી વતની તરીકેનું અધિનિવાસનું પ્રમાણપત્ર અરજી સાથે સામેલ રાખેલ હોય અને લગ્ન અંગેનું નોધણી રજીસ્ટ્રારનું પ્રમાણપત્ર અથવા પ્રથમકક્ષાના મેજીસ્ટ્રેટ સમક્ષનું સોગંદનામુ (એફીડેવીડ) રજૂ કરેલ હોય.

૨.    હેમ.ઉ.ગુ.યુનિ.સિવાયની  અન્ય યુનિ.ને  5 % બેઠકો ફાળવવામાં આવશે.

ઉપર ૧ માં જગાવેલ બેઠકો જો કોઈ એક વિષયમાં જે તે કેટેગરીના અરજદારોના અભાવે બેઠકો ખાલી રહે તો તે બેઠકો મેરીટ ગુણના ક્રમાનુસાર ૨ મુજબ જે તે વિષય અને કેટેગરીને ધ્યાને લઈને ભરવામાં આવશે **તેજ રીતે ૨ માં ખાલી બેઠકો ખાલી રહે તો ૧ માંથી ભરવામાં આવશે.**

## (4) અનામત બેઠકો:

***(A)*** મૂળ ગુજરાતના વતની હોય તેવા વિદ્યાર્થીઓ માટે રાજ્ય સરકારની પ્રવર્તમાન જોગવાઇ અનુસાર અનામત બેઠકો રાખવામાં આવી છે.

| | | |
|---|---|---|
| (1) | અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ (SC) | 7% |
| (2) | અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ (ST) | 15% |
| (3) | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ (OBC)<br>(કોઇ પણ જાતિની વિધવા અને અનાથ બાળકો પોતે વિદ્યાર્થી તરીકે અરજી કરે તો વધુમાં વધુ 2% લેખે ) | 27% |
| (4) | માજી / ચાલુ સંરક્ષણ દળના જવાનોના સંતાન (Ex Service Man) | 1% |
| (5) | વિકલાંગ (દિવ્યાંગ) જે તે કેટેગરીમાંથી ભરવામાં આવશે.<br>PC= ( Physically Challenged ) | 3 % |

*(1)* પ્રવેશ યાદીમાં એસ.સી, એસ.ટી, અને ઓ.બી.સી, કેટેગરીના અરજદારો જનરલ કેટેગરીમાં આવતા હશે તો તેમને જનરલ કેટેગરી તેમજ એસ.સી, એસ.ટી અને ઓ.બી.સી, કેટેગરી પૈકી જે પસંદગીની જગ્યા ઉપર પ્રવેશ મળતો હશે તે જગ્યા પર પ્રવેશ આપવામાં આવશે.તેમ થતા જનરલ કેટેગરી મુજબ મળતી સીટ પરનો અધિકાર રહેશે નહી

*(2)* **એસ.સી, કેટેગરીના અરજદારોના અભાવે બેઠકો ખાલી રહેશે તે બેઠકો એસ.ટી, કેટેગરીના અરજદારો માંથી ભરવામાં આવશે. એસ.ટી, કેટેગરીના અરજદારોના અભાવે બેઠકો ખાલી રહેશે તે બેઠકો એસ.સી, કેટેગરીના અરજદારો માંથી ભરવામાં આવશે.તેમ જતા**
**એસ.સી.અને એસ.ટી. કેટેગરીના અરજદારોના અભાવે બેઠકો ખાલી રહેતો તે બેઠકો જનરલ કેટેગરીથી ભરવામાં આવશે**

(3) અનામત બેઠકનો લાભ લેવા ઇચ્છતા અરજદારોએ સક્ષમ અધિકારીએ આપેલુ જાતિનું પ્રમાણપત્ર અરજીની સાથે જોડવાનું રહેશે. અન્યથા તેમને જનરલ બેઠક પર ગણવામાં આવશે .

(4) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અરજદારોને સક્ષમ અધિકારીએ આપેલુ ઓ.બી.સી.નું પ્રમાણપત્ર તેમજ સમૃધ્ધ વર્ગ (Creamy Layer) માં સમાવેશ થતો નથી, તેવું દર્શાવતું સક્ષમ અધિકારીનું **તા.** 1-4-2017 કે તે પછી આપેલ (**<u>અથવા પ્રમાણપત્રમાં દર્શાવેલ સમયમર્યાદા મુજબ તે માન્ય રહેશે</u>**.) પ્રમાણપત્ર જોડવું. અન્યથા તેમને જનરલ બેઠક પર ગણવામાં આવશે.

(5) વિધવા અરજદારે તેમના પતિના મૃત્યુ અંગેનો દાખલો તથા તેમણે પુનઃ લગ્ન કરેલ નથી તેવું ફર્સ્ટકલાસ મેજીસ્ટ્રેટ સમક્ષનું તાજેતરનું સોગંદનામું રજુ કરવાનું રહેશે.

(6) અનાથ બાળકોએ સમાજ–કલ્યાણ અધિકારી પાસેથી અનાથ અંગેનું તાજેતરનું (લેટેસ્ટ) પ્રમાણપત્ર અરજી સાથે રજૂ કરવાનું રહેશે.

**(5) <u>વિકલાંગો માટે અનામત</u> :**

(1) વિકલાંગ ઉમેદવારો માટે જે તે કેટેગરીમાંથી 3% બેઠકો અનામત રાખવામાં આવશે. આ 3% બેઠકો બિનઅનામત, અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો પૈકી જે તે કેટેગરીમાં સમાવી લેવામાં આવશે.

(2) વિકલાંગ ઉમેદવારોએ સિવિલ સર્જન અને સિવિલ સર્જન ન હોય તો રેશીડેન્શીયલ મેડીકલ ઓફીસરની કાઉન્ટર સહી કરેલ 40% થી ઉપરનાં ટકાનું વિકલાંગ અંગેનું પ્રમાણપત્ર મેળવી અરજી સાથે રજૂ કરવાનું રહેશે.

(3) વિકલાંગ કેટેગરીમાં 1% અંધ અને અલ્પ દ્રષ્ટિએ અરજદારોનો સમાવેશ કરવામાં આવતો નથી માટે તેમણે તેમની અરજી ઉપર અંધ / અલ્પદ્રષ્ટિ અરજદાર એમ લખવું તેમણે 1995 નાં ડીસએબીલીટી એકટના ચેપ્ટર 1 ની કલમ 2 (B) મુજબ સીવીલ સર્જન પાસેથી અંધ / અલ્પદ્રષ્ટિ અંગેનું પ્રમાણપત્ર અરજીની સાથે જોડવાનું રહેશે.

**(6) <u>ચાલુ / માજી સંરક્ષણ દળના જવાનોના સંતાનો માટે અનામત</u> :**

કેન્દ્ર સરકારના લશ્કરી અને અર્ધલશ્કરી દળોના ચાલુ તેમજ માજી સૈનિકો તેમજ ગુજરાત રાજ્યના આવા પ્રકારના દળોના જવાનોના સંતાનો માટે પ્રવેશના હેતુસર 1% બેઠકો અનામત રાખવાની રહેશે માટે આવા અરજદારોએ ચાલુ / માજી સંરક્ષણ દળના જવાનોના સંતાન

છે તે મતલબનું માજી સૈનિક જિલ્લા વેલ્ફેર બોર્ડનુંસક્ષમ અધિકારીએ આપેલું તાજેતર (લેટેસ્ટ) નું પ્રમાણપત્ર અરજીની સાથે અવશ્ય જોડવાનું રહેશે. અન્યથા તેમને જનરલ કેટેગરીમાં ગણવામાં આવશે.

(7) **<u>ફી પરત અંગે:</u>**

યુનિ. ના નિયમો અનુસાર ફી પરત કરવામાં આવશે.

નોંધ : સદર પ્રવેશનાં નિયમોમાં અર્થઘટન અને ફેરફાર અંગે કુલપતિશ્રીનો નિર્ણય આખરી ગણાશે.